COVID-19 સંદર્ભે જેલના આરોપીઓ/કેદીઓ માટે અનુસરવાની બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:- એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧-ગ
સચિવાલય ગાંધીનગર
તા.૩૦/૦૪/૨૦૨૦

**પરિપત્ર:-**

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID-19 ને WHO દ્વારા પેન્ડેમીક જાહેર કરેલ છે. જે ધ્યાને લઇને રાજયમાં હાલમાં પ્રવર્તતી રહેલ COVID-19 ની પરિસ્થિતિ ધ્યાને લઈ રાજયમાં એપેડેમિક ડીસીઝ એકટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક:એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧, તા.૧૩.૩.૨૦૨૦ ના નોટીફીકેશનથી રાજયમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" બહાર પાડેલ છે. ભારત સરકારની ગાઇડલાઇન અનુસાર રાજયમાં આ રોગને અટકાવવા વિવિધ અસરકારક પગલાઓ હાથ ધરવામાં આવેલ છે.

નામદાર હાઈકોર્ટની રીટ પીટીશન (PIL) નં.૪૨/૨૦૨૦ ના તા.૨૭/૦૩/૨૦૨૦ ના ચુકાદા અન્વયે અટકાયત કરવામાં આવેલ આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરતી વખતે તેમજ જેલના હવાલે કરતી વખતે COVID-19 ની તપાસ અંગે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

1. All symptomatic individuals who have undertaken international travel in the last 14 days
2. All symptomatic contacts of laboratory confirmed cases
3. All symptomatic health care workers
4. All patients with Severe Acute Respiratory Illness (fever AND cough and/or shortness of breath)
5. Asymptomatic direct AND high-risk contacts of a confirmed case should be tested once between day 5 and day 14 of coming in his/her contact In hotspots/cluster (as per MoHFW) and in large migration gatherings/ evacuees centres.
6. All symptomatic ILI (fever, cough, sore throat, runny nose)
   Within 7 days of illness – rRT-PCR test to be performed and if positive admitted to Govt. Health facilities for further treatment and management.

- જો આરોપી ઉપર પૈકી કોઈ પણ કેટેગરીમાં આવતો ન હોય અને Asymptomatic હોય તો આ આરોપીને કોર્ટ સમક્ષ રજુ કરવા માટે સોશ્યલ ડીસ્ટન્સ રાખી ટ્રીપલ લેયર માસ્ક કે અન્ય માધ્યમનો ઉપયોગ કરી રજુ કરી શકાય.

- આરોપીને જેલમાં મોકલતા પહેલાં જો કોવિડ રોગનાકોઇ લક્ષણો ન હોય તો પણ આવા આરોપીને જેલમાં અન્ય આરોપીઓ સાથે ન રાખતાં, જેલમાં અલયાદી કોરોન્ટાઇન વ્યવસ્થા ઉભી કરી ત્યાં ૧૪ દિવસ માટે કોરોન્ટાઇન રાખવાનો રહેશે. આ ૧૪ દિવસ દરમ્યાન દૈનિક ધોરણે આ આરોપીના ટેમ્પરેચર અને કોવિડને લગતા શંકાસ્પદ ચિન્હોની તપાસ કરવાની રહેશે.
- આ ૧૪ દિવસના કોરોન્ટાઇન સમયગાળા દરમ્યાન જો આરોપીને કોવિડ-૧૯ ના કોઇ પણ લક્ષણો જેવા કે તાવ, શરદી ખાંસી, શ્વાસ લેવામાં તકલીફ વગેરે જણાય તો તેને નજીકના કોવિડ હોસ્પિટલ ખાતે લઇ જઇ તેની મેડીકલ તપાસ કરાવવાની રહેશે. અને હોસ્પિટલ ખાતેના તબીબના અભિપ્રાય અનુસાર તેનો કોવિડ-૧૯ અંગેનો ટેસ્ટ કરવાનો રહેશે.
- જો આરોપીને ૧૪ દિવસ સુધી કોઇ લક્ષણ ન જણાય તો તેને આગળની કાર્યવાહી માટે રજુ કરી શકાય છે. આગળની કાર્યવાહી માટે રજુ કરતા સમયે સોશ્યલ ડીસ્ટન્સીગ તેમજ માસ્ક પહેરાવવું રાખવું જરૂરી છે. આ આરોપીનું વધુ ૧૪ દિવસ માટે મોનીટરીંગ કરવું.

આ કાર્યપધ્ધતિની અમલવારી રાજ્યની તમામ જેલોમાં કરવામાં આવે તેવી વ્યવસ્થા જેલતંત્રએ કરાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એમ.કુરેશી)
સંયુકત સચિવ

પ્રતિ,

- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ અધિક નિયામકશ્રી, કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર..
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- પોલીસ મહાનિર્દેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી, અમદાવાદ.
- જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૦.